| | | | |
|---|---|---|---|
| GJDW060000352026 | | આવ્યા તારીખ | ૧૯–૦૧–૨૦૨૬ |
| | | દાખલ તારીખ | ૧૯–૦૧–૨૦૨૬ |
| | | ફેસલ તારીખ | ૦૩–૦૮–૨૦૨૬ |
| | | સમયગાળો | વર્ષ–૦૦ , માસ–૦૬ , દિન–૧૫ |

**ભાણવડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,મુ. ભાણવડ**

**ફોજદારી કેસ નં. ૧૮/૨૦૨૬**

**આંક:**

## FORM-A

| એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન. | | |
|---|---|---|
| પોલીસ સ્ટેશન | – | ભાણવડ પોલીસ સ્ટેશન |
| ગુનો | – | બી.એન.એસ. કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ |
| તહોમતનામા મુજબ તહોમત | – | બી.એન.એસ. કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ |
| ફરીયાદી | – | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | – | શ્રી એચ.આર.અંબાસણા |
| આરોપી તરફે વિ.વ.શ્રી | – | શ્રી જે કે વાઘેલા |
| આરોપી | – | **અશોકભાઈ દાનાભાઈ બગડા** |

## FORM-B

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | – | ૧૯–૧૧–૨૦૨૫ |
| ફરીયાદ કર્યા તારીખ | – | ૧૯–૧૧–૨૦૨૫ |
| ચાર્જશીટ તારીખ | – | ૧૯–૦૧–૨૦૨૬ |
| તહોમત ફરમાવ્યા તારીખ | – | ૦૪–૦૨–૨૦૨૬ |
| ચુકાદા તારીખ | – | **૦૩–૦૮–૨૦૨૬** |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | – | આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

| આરોપી નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **અશોકભાઇ દાનાભાઇ બગડા** | – | – | બી.એન.એસ. કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. | – | – |

**<u>FORM-C</u>**

**<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>**

**(એ) <u>ફરીયાદપક્ષ તરફે</u> :–**

**<u>: ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :</u>**

| અ.નં | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | નિતેશભાઇ વીરાભાઇ મોરી | ૦૯ | ફરીયાદી |
| ૨ | તુષારભાઇ હેમંતલાલ સુદ્રા | ૧૧ | સાહેદ |
| ૩ | ડાયાભાઇ નગાભાઇ કોડીયાતર | ૧૨ | સાહેદ |
| ૪ | દિલીપભાઇ વીરાભાઇ મોરી | ૧૩ | સાહેદ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૦ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૪ |
| ૩. | સારવાર સર્ટી | ૧૫,૧૬ |
| ૪. | એમ.એલ.સી.સર્ટી | ૧૭ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત**

| **અ.નં** | **વર્ણન** | **ભૌતીક પદાર્થની સંખ્યા** |
|---|---|---|
| **૧** | – | – |

## –:: **જ જ મે ન્ટ** ::–

(૧) ***ફરીયાદપક્ષના કેસની હકિકત :–***

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તા. ૧૯–૧૧–૨૦૨૫ ના રોજ સાંજના નવેક વાગ્યાની આસપાસ આ કામના આરોપી પોતાના કબ્જા ભોગવટાની બલ્કર (ટ્રક) જી.જે–૧૦–ટી.વાય–૬૬૪૮ વાળો પુરઝડપે અને બેફીકરાયથી ચલાવી સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી, ભાણવડ તાલુકાના

પાછતર ગામ બસ સ્ટેન્ડ પાસે આવેલ માલધારી દુકાનના પીલોલ સાથે અથડાવતા દુકાનના આગળના ભાગે રહેલ સીમેન્ટના પતરા તથા પીઠીયા પડતા ફરીયાદીને માથાના ભાગે તથા સાહેદ દિલીપભાઇ વીરાભાઇ મોરીને ડાબા પગમાં ફ્રેકચરની તથા સાહેદ તુષારભાઇ હેમંતલાલ સુદ્રા તથા ડાયાભાઇ નગાભાઇ કોડીયાતર નાઓને માથના ભાગે સામાન્ય છોલછાલની ઈજાઓ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો સદર અદાલતની હકુમતમાં આચરેલ હોવાની ફરીયાદ નોંધાવવામાં આવતા પોલીસ ધ્વારા આરોપીઓની અટક કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદાર ધ્વારા સદર ગુનાના કામે અન્વેષણ પુર્ણ થતા આરોપીવિરૂધ્ધ હકુમત ધરાવતી અદાલતમાં ચાર્ઝશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) ***<u>કોર્ટની ઈન્સાફી કાર્યવાહી (ચાર્જ તથા પ્લી)</u> :-***

સદર ગુનાના કામે આરોપી વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા આરોપી વિરૂધ્ધ સદર કેસના કામે સમન્સ ઇશ્યુ કરવામાં આવતા આરોપી **મારા પુરોગામી મેજીસ્ટ્રેટશ્રી** સમક્ષ હાજર થતા આરોપીને **બી.એન.એસ.એસની કલમ-૨૩૦** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીએ **આંક-૦૩ થી આંક-૦૪** ધ્વારા આપેલ નિવેદનમાં આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરેલ. સબબ આરોપી વિરૂધ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

*(૩)* ***<u>ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા :-</u>***

ત્યારબાદ આરોપી સામેના ગુનાનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના **મૌખીક તથા દસ્તાવેજી પુરાવા** રજુ કરવામાં આવેલા છે :-

***-:: <u>મૌખિક પુરાવો</u> ::-***

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી નિતેશભાઇ વીરાભાઇ મોરીની જુબાની. | ૦૯ |
| ૨. | સાહેદ તુષારભાઇ હેમંતલાલ સુદ્રાની જુબાની. | ૧૧ |
| ૩. | સાહેદ ડાયાભાઇ નગાભાઇ કોડીયાતરની જુબાની. | ૧૨ |
| ૪. | સાહેદ દિલીપભાઇ વીરાભાઇ મોરીની જુબાની. | ૧૩ |

***-:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::-***

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૦ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૪ |
| ૩. | સારવાર સર્ટી | ૧૫,૧૬ |
| ૪. | એમ.એલ.સી.સર્ટી | ૧૭ |

ફરીયાદપક્ષ ધ્વારા ઉપર જણાવ્યા સિવાયનો અન્ય કોઇ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષ ધ્વારા આંક-૧૮ થી કલોઝીંગ પુરશીશ રજુ કરવામા આવેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ **બી.એન.એસ.એસની કલમ-૩૫૧** અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ આક્ષેપીત ગુનાનો ઇન્કાર કરી જણાવેલ છે કે, **''અમો નિર્દોષ છીએ ફરીયાદીએ અમારી વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે.''** ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ બંને પક્ષે કરવામાં આવેલ મૌખીક દલીલો વિગતે સાંભળવામાં આવેલ છે.

(૪) ઉપર જણાવેલ જણાવેલ રેકર્ડ પરના પુરાવા અને કાનુની જોગવાઇઓના પરીપ્રેક્ષ્યમાં સદર કેસનો ન્યાયીક અંત આણવા માટે મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થીત થાય છે.

-:: **મુદ્દા** ::-

**મુદ્દા નં ૧ :-**

શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૧૯-૧૧-૨૦૨૫ ના રોજ સાંજના નવેક વાગ્યાની આસપાસ આ કામના આરોપી પોતાના કબ્જા ભોગવટાની બલ્કર (ટ્રક) જી.જે-૧૦-ટી.વાય-૬૬૪૮ વાળો પુરઝડપે અને બેફીકરાયથી ચલાવી સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી, ભાણવડ તાલુકાના પાછતર ગામ બસ સ્ટેન્ડ પાસે આવેલ માલધારી દુકાનના પીલોલ સાથે અથડાવતા દુકાનના આગળના ભાગે રહેલ સીમેન્ટના પતરા તથા પીઠીયા પડતા ફરીયાદીને માથાના ભાગે તથા સાહેદ દિલીપભાઇ વીરાભાઇ મોરીને ડાબા પગમાં ફ્રેકચરની તથા સાહેદ તુષારભાઇ હેમંતલાલ સુદ્રા તથા ડાયાભાઇ નગાભાઇ કોડીયાતર નાઓને માથના ભાગે સામાન્ય છોલછાલની ઈજાઓ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર સદર

અદાલતની હકુમતમાં આચરેલ છે ?

<u>**મુદ્દા નં. ૨**</u> **:–**

**શું હુકમ ?**

(૫) ઉપરોકત મુદ્દાઓ માટેના **મારા નિર્ણયો અને નિર્ણય માટેના કારણો** નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૬) <u>ઉપરોકત નિર્ણય માટેના કારણો અને રેકર્ડ પર આવેલ પુરાવાનું મુલ્યાંકન</u> :–**

**(૬.૧) <u>મુદ્દા નં. ૧</u> :–**

**સદર કામે બંને પક્ષોના વિ.વ.શ્રીઓએ રેકર્ડ જોઇ યોગ્ય તે ન્યાયી હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.**

(૬.૨) સદર કામે આગળ વધતા પહેલા તેમજ રેકર્ડ પર તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા સદર અદાલત ભારતીય ન્યાય સંહીતાની કલમ– ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના તત્વોને વંચાણે લેવાનું ઉચ્ચીત સમજે છે. જે નીચે મુજબ છે :–

<u>કલમ :–૨૮૧</u> :–

*ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૭૯ મુજબનો સરીયામ રસ્તા ઉપર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબતના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.*

*૧. આરોપીએ જાહેરમાં રસ્તા ઉપર વાહન ચલાવેલ છે.*

*૨. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવેલ છે.*

*૩. જેના કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.*

<u>કલમ–૧૭૭ તથા ૧૮૪</u> :–

*મોટર વ્હિકલ એકટ ની કલમ –૧૮૪ ને કલમ ૧૭૭ સાથે વાંચતા મુજબનો ભયજનક રીતે વાહન ચલાવવાને ગુનાની સજા અંગેની સામાન્ય જોગવાઇઓ સાથે વાંચતા તે મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.*

*૧. આરોપીએ લોકો માટે જોખમી હોય એવી ઝડપે/ રીતે મોટર વાહન ચલાવેલ છે.*

*(૬.૩)* વધુમાં ઉપરોકત ટાંકેલ કાનુની જોગવાઇઓના પરીપ્રેક્ષ્યમાં જો સદર કામે

રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૦૯ થી આ કામના ફરીયાદી નીતેશભાઇ વીરાભાઇ મોરી નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હુ પાછતર મુકામે રહુ છુ અને ખેતીકામ કરૂ છુ. તા. ૧૯/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના સવેક વાગ્યાની આસપાસ હુ તથા મારો ભાઈ દીલીપ તથા મારા ફઈનો દીકરો ડાયાભાઈ અમારા ગામના તુષારભાઈ સાથે અમારા ગામના બસ સ્ટેન્ડ પાસ ` આવેલ માલધારી દુકાને પાન–મસાલો ખાઈને દુકાન બહાર નાખેલ પતરા નીચે બેસેલ હતા તેવામાં અચાનક ભાણવડ તરફથી એક બલ્કર ટ્રક ચાલક પોતના કબજાની બલ્કર ગાડી ત્યાં આવી જતા અચાનક અમોને બીક લાગતા પાછળ ગયે.લ જેથી પીલોર સાથે અથડાતા અમોને ઈજા થયેલ. જેથી દુકાનની ઉપર ઢાકેલ પતરા તથા પીઢીયા અમારા ઉપર પડતા મને માથાના ભાગે તેમજ મારા ભાઈ દીલીપને પગના ભાગે અને તુષારને માથાના ભાગે ઈજાઓ થયેલી જેથી આજુબાજુ માણસો આવીને અમોને બહાર કાઢેલ બાદ મારા મોટા બાપુના દીકરા બાવનભાઈ અમોને રાબડીયા હોસ્પીટલે લાવેલા અને ત્યાથી વધુ સારવાર માટે ખંભાળીયા રીફર કરેલ અને મે ઉશ્કેરાઈ જઈ બલ્કર ચાલક વિરૂધ્ધ ભાણવડ પો.સ્ટે. ફરીયાદ રીપોર્ટ આપેલો. જે ફરીયાદ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે ફરીયાદ રજુ દા.આંક ૧૦. આ સિવાય હુ કાંઈ જાણતો નથી. આ સિવાય હું બીજું કાંઈ કહેવા માંગતો નથી.''

જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, ' એ વાત ખરી છે કે, મારે અચાનક બીક લાગતા હુ તથા મારા મીત્રો પડી ગયેલ જેથી ઈજા થયેલ. એ વાત ખરી છે કે, ફરીયાદમાં મે સહી કરેલી. ફરીયાદમાં શું લખેલ હતુ તે મે વાંચેલ નથી.'

આમ, રેકર્ડ પર આવેલ સદર સાહેદની જુબાનીને ધ્યાને લેવામાં આવે તો, સદર સાહેદે પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી વિ.એ.પી.પીશ્રી ધ્વારા તેઓને વિમુખ થયેલા જાહેર કરવામાં આવેલ છે અને અદાલતની પરવાનગીથી તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરેલ હોવા છતા સદર સાહેદે એ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર સાહેદની જુબાની થકી આ કામે રજુ થયેલ ફરીયાદ હકીકતને અનુમોદન મળતુ નથી.

(૬.૪) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૧ થી આ કામના સાહેદ તુષારભાઈ હેમંતલાલ સુદ્રા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, '' હું પાછતર મુકામે રહુ છુ અને પ્રાઈવેટ નોકરી કરૂ છુ. તા. ૧૯/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના સવેક વાગ્યાની આસપાસ હુ તથા મારો ભાઈ દીલીપ તથા નીતેશ તથા ડાયાભાઈ અમારા ગામના બસ સ્ટેન્ડ પાસે આવેલ માલધારી દુકાને પાન–મસાલો ખાઈને દુકાન બહાર નાખેલ પતરા નીચે બેસેલ હતા તેવામાં અચાનક ભાણવડ તરફથી એક બલ્કર ટ્રક ચાલક પોતના કબજાની બલ્કર ગાડી ત્યાં આવી જતા અચાનક અમોને બીક લાગતા પાછળ ગયેલ જેથી પીલોર સાથે અથડાતા અમોને ઈજા થયેલ. જેથી દુકાનની ઉપર ઢાકેલ પતરા તથા પીઢીયા અમારા ઉપર પડતા મને માથાના ભાગે તેમજ મારા ભાઈ દીલીપને પગના ભાગે અને નીતેશ તથા ડાયાભાઈને માથાના ભાગે ઈજાઓ થયેલી જેથી આજુબાજુ માણસો આવીને અમોને બહાર કાઢેલ બાદ બાવનભાઈ અમોને રાબડીયા હોસ્પીટલે લાવેલા અને ત્યાંથી વધુ સારવાર માટે ખંભાળીયા રીફર કરેલ. આ સિવાય હુ કાંઈ જાણતો નથી. આ સિવાય હું બીજું કાંઈ કહેવા માંગતો નથી.''

જયારે આરોપી તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, ''તે વાત ખરી છે કે અમોને અચાનક બીક લાગતા હુ તથા અમારા મીત્રો પડી ગયેલ જેથી ઈજા થયેલ. તે વાત ખરી છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. તે વાત ખરી છેકે અમોને પડી જવાના લીધેલ ઈજાઓ થયેલી. ''

આમ, રેકર્ડ પર આવેલ સદર સાહેદની જુબાનીને ઘ્યાને લેવામાં આવે તો, સદર સાહેદે પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી વિ.એ.પી.પીશ્રી ધ્વારા તેઓને વિમુખ થયેલા જાહેર કરવામાં આવેલ છે અને અદાલતની પરવાનગીથી તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરેલ હોવા છતા સદર સાહેદે એ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર સાહેદની જુબાની થકી આ કામે રજુ થયેલ ફરીયાદ હકીકતને અનુમોદન મળતુ નથી.

(૬.૫) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૨ થી આ કામના સાહેદ ડાયાભાઈ નગાભાઈ કોડીયાતર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હું પાછતર મુકામે રહુ

છે અને ખેતીકામ કરુ છું અને ખેતીકામ કરુ છું. તા. ૧૯–૧૧–૨૦૨૫ના રોજ આસપાસ હુ તથા તુષાર તથા નીતેશ તથા દીલીપભાઈ અમારા ગામના બસ સ્ટેન્ડ પાસે આવેલ માલધારી દુકાને પાન–મસાલો ખાઈને દુકાન બહાર નાખેલ પતરા નીચે બેસેલ હતા તેવામાં અચાનક ભાણવડ તરફથી એક બલ્કર ટ્રક ચાલક પોતના કબજાની બલ્કર ગાડી ત્યાં આવી જતા અચાનક અમોને બીક લાગતા પાછળ ગયેલ જેથી પીલોર સાથે અથડાતા અમોને ઈજા થયેલ. જેથી દુકાનની ઉપર ઢાકેલ પતરા તથા પીઢીયા અમારા ઉપર પડતા અમોને માથાના ભાગે ઈજા થયેલી તેમજ દીલીપને પગના ભાગે વાગેલ તેમજ તુષારને માથાના ભાગે અને નીતેશને માથાના ભાગે ઈજાઓ થયેલી જેથી આજુબાજુ માણસો આવીને અમોને બહાર કાઢેલ બાદ બાવનભાઈ અમોને રાબડીયા હોસ્પીટલે લાવેલા. આ સિવાય હુ કાંઈ જાણતો નથી. આ સિવાય હુ બીજું કાંઈ કહેવા માંગતો નથી.''

જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, 'તે વાત ખરી છે કે અમોને અચાનક બીક લાગતા હુ તથા અમારા મીત્રો પડી ગયેલ જેથી ઈજા થયેલ. તે વાત ખરી છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. તે વાત ખરી છેકે અમોને પડી જવાના લીધેલ ઈજાઓ થયેલી.'

આમ, રેકર્ડ પર આવેલ સદર સાહેદની જુબાનીને ધ્યાને લેવામાં આવે તો, સદર સાહેદે પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી વિ.એ.પી.પીશ્રી ધ્વારા તેઓને વિમુખ થયેલા જાહેર કરવામાં આવેલ છે અને અદાલતની પરવાનગીથી તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરેલ હોવા છતા સદર સાહેદે એ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર સાહેદની જુબાની થકી આ કામે રજુ થયેલ ફરીયાદ હકીકતને અનુમોદન મળતુ નથી.

(૬.૬) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૩ થી આ કામના સાહેદ દિલીપભાઇ વીરાભાઇ મોરી નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, 'હુ પાછતર મુકામે રહુ છુ અને ખેતીકામ કરી કરૂ છુ. તા. ૧૯/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના સવેક વાગ્યાની આસપાસ હુ તથા મારો ભાઈ તુષાર તથા નીતેશ તથા ડાયાભાઈ અમારા ગામના બસ સ્ટેન્ડ પાસે આવેલ માલધારી દુકાને પાન–મસાલો ખાઈને દુકાન બહાર નાખેલ પતરા નીચે બેસેલ હતા તેવામાં અચાનક ભાણવડ તરફથી એક

બલ્કર ટ્રક ચાલક પોતના કબજાની બલ્કર ગાડી ત્યાં આવી જતા અચાનક અમોને બીક લાગતા પાછળ ગયેલ જેથી પીલોર સાથે અથડાતા અમોને ઈજા થયેલ. જેથી દુકાનની ઉપર ઢાકેલ પતરા તથા પીઢીયા અમારા ઉપર પડતા મને પગના ભાગે વાગેલ તેમજ મારા ભાઈ તુષારને માથાના ભાગે અને નીતેશ તથા ડાયાભાઈને માથાના ભાગે ઈજાઓ થયેલી જેથી આજુબાજુ માણસો આવીને અમોને બહાર કાઢેલ બાદ બાવનભાઈ અમોને રાબડીયા હોસ્પીટલે લાવેલા અને ત્યાથી વધુ સારવાર માટે ખંભાળીયા રીફર કરેલ. આ સિવાય હુ કાંઈ જાણતો નથી. આ સિવાય હુ બીજું કાંઈ કહેવા માંગતો નથી.'

જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, 'તે વાત ખરી છે કે અમોને અચાનક બીક લાગતા હુ તથા અમારા મીત્રો પડી ગયેલ જેથી ઈજા થયેલ. તે વાત ખરી છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. તે વાત ખરી છેકે અમોને પડી જવાના લીધેલ ઈજાઓ થયેલી..'

આમ, રેકર્ડ પર આવેલ સદર સાહેદની જુબાનીને ધ્યાને લેવામાં આવે તો, સદર સાહેદે પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી વિ.એ.પી.પીશ્રી ધ્વારા તેઓને વિમુખ થયેલા જાહેર કરવામાં આવેલ છે અને અદાલતની પરવાનગીથી તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરેલ હોવા છતા સદર સાહેદે એ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર સાહેદની જુબાની થકી આ કામે રજુ થયેલ ફરીયાદ હકીકતને અનુમોદન મળતુ નથી.

(૭) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધવારા આંક-૧૪ થી બનાવવાળી જગ્યાનું પંચનામું, આંક-૧૫ અને ૧૬ થી રજુ સારવાર સર્ટી, આંક-૧૭ થી ૨૪ એમ.એલ.સી.સર્ટી રજુ થયેલ છે. જેને આંકે પાડવા સામે આરોપી પક્ષે વાંધો લીધેલ ન હોય સદરહુ તમામ દસ્તાવેજોને પુરાવામાં સામેલ રાખવામાં આવેલ છે, પરંતુ જયારે આ કામના ફરીયાદી પોતે જ પોતાની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય અને વિમુખ જાહેર થતા હોય ત્યારે સદરહુ તમામ દસ્તાવેજો પર આધાર રાખી આ કામના આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આમ, સમગ્રપણે રેકર્ડ પર રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેવામાં આવે તો એ હકીકત પરત્વે શંકા ઉપસ્થીત થાય છે કે, શું આ કામના આરોપીઓએ જ ફરીયાદીની ફરીયાદ મુજબનો આક્ષેપીત ગુનો આચરેલ હતો કે કેમ?

(૮) આમ, ઉપરોકત કરેલ પુરાવાની ચચા અને છણાંવટના અંતે સદર અદાલતનું માનવું છે કે, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનાનાં તત્વો સાબીત કરવામાં સંપુર્ણ પણે નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ '**નકારમાં**' આપવામાં આવે છે તથા મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી **અશોકભાઈ દાનાભાઈ બગડા રહે મોટી ગોપ તાઈ જામજોધપુર જી જામનગર** વાળાઓને બી.એન.એસ.એસની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાઓ સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અપીલ અદાલત સમક્ષ હાજર થવા સારૂ રૂા. ૫,૦૦૦/– અને તેટલીજ રકમના જાત મુચરકા રજુ કરવા.

(૩) વધુમાં અત્રે એ નોંધનીય છે કે, આ કામના આરોપી ચુકાદો જાહેર કર્યાના સમયે અત્રેની અદાલત સમક્ષ હાજર ન હોય જેથી બી.એન.એસ.એસની કલમ–૩૯૨(૬) અન્વયે સદરહુ ચુકાદો આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવ્યો છે.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :– ૦૩–૦૮–૨૦૨૬<br>મુકામ :– ભાણવડ | (શ્રી. પ્રખર ગૌતમ)<br>જયુડી. મેજી.ફસ્ટ કલાસ, ભાણવડ<br>જજ કોડ નં. જી.જે.૦૧૭૫૧ |
| ગુજ.સ્ટેનો એ.કે.ત્રિવેદી | |